કેસ પ્રાપ્તિ તારીખ : ૧૬-૦૧-૨૦૨૦
કેસ દાખલ તારીખ : ૧૬-૦૧-૨૦૨૦
કેસ નિર્ણિત તારીખ : ૧૭-૦૧-૨૦૨૦
અવધી ૦ વર્ષ ૦ માસ ૧ દિવસ

# મે. નર્મદા જીલ્લાના એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, નર્મદા, મુ. રાજપીપલા

## ક્રિમીનલ પરચુરણ અરજી (અધર્સ)નં. ૧૧-૨૦૨૦
## આંક :

અરજદાર: રવિરાજસિંહ મયુરસિંહ મહિડા ઉ.વ.આ.૨૮, ધંધો :અભ્યાસ
રહે. રાજપીપલા લાલટાવર પાસે, તા. નાંદોદ, જી. નર્મદા

વિરૂધ્ધ

સામાવાળા :- સ્ટેટ ઓફ ગુજરાત

અરજ : ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૯(૧)(બ) મુજબ

---

અરજદાર તરફે વિ.વ. શ્રી એસ. કે. જોષી
સામાવાળા સરકાર તરફે વિ. એ.પી. પી.શ્રી પી. એચ. પરમાર

---

## <u>ચુકાદો</u>

(૧) અરજદારે હાલની અરજી ક્રિ. પ્રો.કોડની કલમ ૪૩૯(૧)(બ) હેઠળ રાજપીપલા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર્ડ નં. ફર્સ્ટ. ૧૦૮/૨૦૧૮ ના ગુના કામે તા. ૧૭/૦૧/૨૦૨૦ થી તા. ૨૪/૦૧/૨૦૨૦ સુધી ગુજરાત રાજયની હદ છોડવા પરવાની આપવા અરજ ગુજારેલ છે. અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે,

અરજદાર વિરૂધ્ધ રાજપીપલા પો.સ્ટે. ગુના રજી. ફર્સ્ટ ૧૦૮/૨૦૧૮ ના કામે ફરીયાદી ગોવિંદભાઇ અશોકભાઇ વસાવા રહે. રાજપીપલા, સીધીવાડ, તા. નાંદોદ, જી. નર્મદા નાઓએ ઇ.પી.કોડ કલમ ૩૦૮, ૩૨૩, ૩૨૪, ૫૦૪ તથા એટ્રોસીટી એકટની કલમ ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫-એ) વિગેરે હેઠળ ગુનો રજીસ્ટર્ડ કરાવેલ અને અરજદારની અટકાયત કરવામાં આવેલ જે કામે અરજદારે ક્રિ.પ.અ. નં. ૩૨૫/૨૦૧૮ થી નામદાર કોર્ટમાં જામીન મેળવવા અરજ

ગુજારેલ જે કામે તા. ૧૨/૧૦/૨૦૧૮ ના રોજ જરૂરી શરતોને આધીન અરજદારને જામીન મુકત કરવામાં આવેલ જે શરતોનું અરજદાર આજદિન સુધી અમલ કરતાં આવેલ અને હાલમાં એડીશ્નલ ડીસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમાં એટ્રોસીટી કેસ નં. ૪/૨૦૧૮ થી કેસ ચાલુ છે.

વધુમાં જણાવે છે કે, અરજદારે અગાઉ નાની ગુજરી ગયેલ હોય જે બાબતે ગુજરાત રાજયની હદ છોડવા પરવાનગી મેળવવા ક્રિ.પ.અ. નં. ૨૭૬/૨૦૧૯ થી અરજ ગુજારેલ અને જે કામે નામદાર કોર્ટ દ્વારા તા. ૨૪/૧૦/૨૦૧૯ થી ૧૦/૧૧/૨૦૧૯ સુધી ગુજરાત રાજયની હદ છોડવા જરૂરી શરતોને આધિન પરવાનગી આપેલ હતી.

વધુમાં હાલમાં અરજદારના માસા ઉદયસિંહ ઉમેદસિંહ પિલવા જેઓ જયપુર, રાજસ્થાન મુકામે રહેતાં હતાં તેઓ તા. ૮/૧/૨૦૨૦ ના રોજ કુદરતી રીતે મરણ પામેલ છે અને અરજદાર તેઓની માતા સાથે એકલા રહેતાં હોય અરજદારની માતાની સાથે અરજદારને માસાના બેસણાં અને તેમની ઉત્તરક્રિયામાં જવું અત્યંત જરૂરી હોય જેથી તા. ૧૭/૧/૨૦૨૦ થી તા. ૨૪/૧/૨૦૨૦ સુધી ગુજરાત રાજયની હદ છોડવા પરવાનગી આપવા અરજ ગુજારેલ છે.

(૨) સદરહું અરજી દાખલ થતાં સરકાર પક્ષે નોટીસ કરતાં સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી પી.એચ.પરમાર હાજર થયેલા છે, અને એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદ હકીકત મુજબ આરોપીએ તેના ઘરના વાડામાં આવેલ આંમળાના ઝાડ ઉપરના આંમળા ખાવા માટે આવેલ સાહેદ હરીવર્ધન તથા તેની સાથેના બીજા છોકરાઓને તમારી માના ભીલડા નઇડા આજે તો તમને પાઠ ભણાવવા પડશે તેવું કહીને તેમના ઘરમાં જઇ એરગન જેવું હથીયાર લઇ આવી ફાયર કરી સાહેદ હરીવર્ધનને ડાબા હાથની કોણી ભાગે ઈજા કરી તેમજ ફરીયાદી આરોપીને ઠપકો આપવા જતાં ફરીયાદીને પણ લાકડાના દંડા વડે માર મારી ગુનો કરેલ છે. વધુમાં જણાવે છે કે, અરજદાર/આરોપીનું નામ પ્રથમથી જ એફ.આઇ.આર.માં છે. જે તેમના વિરૂધ્ધમાં પ્રથમ દર્શનીય પુરાવો છે. અરજદાર/આરોપી ગુજરાત રાજયની હદ છોડી મધ્યપ્રદેશ ખાતે જવાના હોય જેઓ ફરી પરત ગુજરાત રાજય ખાતે નહીં આવે તેવી પુરેપુરી શકયતા હોઇ જેથી કેસનો નિકાલ ન આવે ત્યાં સુધી અરજદાર/આરોપીને ગુજરાત રાજયની હદ છોડવા માટેની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૩) બંને પક્ષોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા બાદ તથા મારી સમક્ષ રજુ થયેલ હાલની અરજી તથા અરજદાર તરફે રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા.

(૪) સરકાર તરફે રજુ થયેલ દલીલોને ધ્યાને લેતાં આરોપી ઉપર ઘરના વાડામાં આવેલ આંમળાના ઝાડ ઉપરના આંમળા ખાવા માટે આવેલ સાહેદ હરીવર્ધન તથા તેની સાથેના બીજા છોકરાઓને તમારી માના ભીલડા નઇડા આજે તો તમને પાઠ ભણાવવા પડશે તેવું કહીને તેમના ઘરમાં જઇ એરગન જેવું હથીયાર લઇ આવી ફાયર કરી સાહેદ હરીવર્ધનને ડાબા હાથની કોણી ભાગે ઇજા કરી તેમજ ફરીયાદી આરોપીને ઠપકો આપવા જતાં ફરીયાદીને પણ લાકડાના દંડા વડે માર મારી ઇ.પી.કોડની કલમ ૩૦૮, ૩૨૪, ૩૨૩, ૫૦૪ તથા એટ્રોસીટી એકટ ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫-એ)નો ગુનો નોંધાયેલ છે. અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે. જેમાં શરત નં.૨ આરોપીએ કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી તેવી શરત મુકવામાં આવેલ છે. તે અનુસંધાને અરજદારે હાલની અરજી કરી જણાવેલ છે કે, અરજદારના માસા ઉદયસિંહ ઉમેદસિંહ પિલવા જેઓ જઉયપુર રાજસ્શથાન મુકામે રહેતાં હતાં તેઓ તા. ૮/૧/૨૦૨૦ ના રોજ કુદરતી રીતે મરણ પામેલ છે. અરજદાર તેઓની માતા સાથે એકલા રહેતાં હોઇ જેથી અરજદારની માતા સાથે અરજદારના માસાનાં ના બેસણાં અને ઉત્તરક્રિયામાં જવું અત્યંત જરૂરી છે જેથી શરત નં.૨ માં તા. ૧૭/૦૧/૨૦૨૦ થી તા. ૨૪/૦૧/૨૦૨૦ સુધી ગુજરાત રાજયની હદ છોડવા પરવાનગી આપવા અરજ ગુજારેલ છે. આ કામે અરજદારે નિશાની ૩/૧ થી શઉેક સંદેશના પત્રની નકલ રજુ કરેલ છે. જે લક્ષમાં લેતાં અરજદારના માસાનું અવસાન તા. ૮/૧/૨૦૨૦ ના રોજ થયેલ હોવાનું તથા ઉત્તરક્રિયા તા. ૧૮/૧/૨૦૨૦ અને ૨૦/૧/૨૦૨૦ ના રોજ રાખવામાં આવેલ હોવાનું જણાઇ આવે છે. તેવા સંજોગોમાં અરજદારના માસાનું અવસાન થયેલ હોય અને તેઓને તેઓની માતા સાથે બેસણાં તથા ઉત્તરક્રિયામાં જવું જરૂરી જણાતું હોય તેવા સંજોગોમાં શરત નં.૨ અરજદારને યોગ્ય શરતોને આધીન તા. ૧૭/૦૧/૨૦૨૦ થી તા. ૨૪/૦૧/૨૦૨૦ સુધી ગુજરાત રાજયની હદ છોડવા પરવાનગી આપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તે સંજોગોમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારની હાલની ક્રિ. પ્રો.કોડની કલમ ૪૩૯(૧)(બ) હેઠળ રાજપીપલા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર્ડ નં. ફર્સ્ટ. ૧૦૮/૨૦૧૮ ના ગુનાના કામે ૧૭/૦૧/૨૦૨૦ થી તા. ૨૪/૦૧/૨૦૨૦ સુધી ગુજરાત રાજયની હદ છોડવા નીચે મુજબની શરતને આધીન પરવાનગી આપવામાં આવે છે.

**શરત**

(૧) અરજદારે તા. ૨૭/૦૧/૨૦૨૦ ના રોજ અત્રેની કોર્ટમાં હાજર થઇ તેઓ જયપુર, રાજસ્થાન ગયા હોવા બાબતની બસ યા રેલ્વે ટીકીટ અચુક રજુ કરવાની રહેશે.

આ હુકમ આજ તારીખ ૧૭ મી જાન્યુઆરી, સને ૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૭-૦૧-૨૦૨૦
રાજપીપલા

(એસ. પી. તામંગ)
એડીશનલ સેશન્સ જજ નર્મદા,
મુ. રાજપીપલા
કોડ નં. જીજે ૦૦૩૭૬